ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૭ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૧૫-૧૦-૨૦૧૭ રવિવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

### વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી

## રાયસણ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો




વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી તાજેતરમાં ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. ગાંધીનગર જીલ્લાનાં રાયસણ ગામે સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળાની ૯૭ જેટલી વિદ્યાર્થીનીઓ માટે યોજાયેલા આ વર્કશોપમાં મુખ્ય વક્તા




તરીકે વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણા તથા સહાયક વક્તા તરીકે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ સેવાઓ પ્રદાન કરી હતી.

આ વર્કશોપનાં સમાપન પ્રસંગે ગુજરાત સરકારમાં પંચાયત, ગ્રામ વૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં અધિક સચિવ તરીકે ફરજ બજાવતા શ્રી અનીલભાઈ પટેલ તથા નિવૃત્ત નાયબ સચિવ શ્રી કેસરીસિંહ વસાવા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત વૈદિક પરિવારનાં શ્રી ગમનભાઈ પટેલ, રોટરી ક્લબનાં સ્થાપક પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, રોટરેક્ટ ક્લબનાં પ્રમુખ શ્રી જય રાણા, સેક્રેટરી શ્રી મહર્ષિ દવે, શાળાનાં આચાર્યા શ્રીમતી બી. આર. વૈષ્ણવ તથ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્ય અતિથિ શ્રી અનીલભાઈ પટેલ, અતિથિ વિશેષ શ્રી કેસરીસિંહ વસાવા, મુખ્ય વક્તા શ્રી અરવિંદભાઈ રાણા, સહયોગી વક્તા શ્રી મહેન્દ્રભાઈ ગાંધી તથા શ્રી જગતભાઈ કારાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. શાળાની બે વિદ્યાર્થીનીઓ તથા એક શિક્ષકે વર્કશોપ અંગે પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો તથા શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા લિખિત હિન્દી પુસ્તક વિદ્યાર્થી ઔર તનાણ ભેટ આપવામાં આવી હતી. અંતે શાળાના આચાર્યા શ્રીમતી બી. આર. વૈષ્ણવે આ કાર્યક્રમનાં આયોજન બદલ વૈદિક પરિવાર તથા રોટરી ક્લબનો આભાર માન્યો હતો.

### વૈદિક પરિવાર દ્વારા આર્યસમાજ, ગાંધીનગરનાં સહયોગથી

## આર્યસમાજ, ગાંધીનગર ખાતે મહર્ષિ દયાનંદના નિર્વાણ દિવસે મહાયજ્ઞ અને વ્યાખ્યાન યોજાશે

વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા આર્યસમાજ-ગાંધીનગરનાં સહયોગથી આગામી ૩૦મી ઓક્ટોબર-૨૦૧૭નાં સોમવારનાં રોજ મહર્ષિ દયાનંદ સરસ્વતીનો ૧૩૦મો નિર્વાણ દિવસ મનાવવામાં આવશે.

વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી અને આર્યસમાજ-ગાંધીનગરનાં સક્રિય સભ્ય શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે મહર્ષિ દયાનંદ સરસ્વતીનાં નિર્વાણ દિન નિમિત્તે આર્યસમાજ-ગાંધીનગરનાં વિશાળ ભવનમાં યોજાનારા આ કાર્યક્રમનો પ્રારંભ વૈદિક મહાયજ્ઞથી કરવામાં આવશે. વૈદિક પરિવારનાં યાજ્ઞિક પરિવાર નિર્માણ પરિયોજનાનાં સંયોજક પંડિત શૈલેન્દ્રજી શાસ્ત્રી દ્વારા યજ્ઞ કાર્ય સંપન્ન કરવામાં આવશે. સાંજે ૫-૩૦ થી ૭-૦૦ સુધી ચાલનારા આ મહાયજ્ઞ બાદ વિદ્વાનોનાં પ્રવચનોનો કાર્યક્રમ રહેશે. ૮-૩૦ કલાકે સ્વરૂચિ ભોજન સાથે કાર્યક્રમ પૂર્ણ થશે.

**અગ્નિપથ પાક્ષિક દ્વારા સૌ વાચકો, વિજ્ઞાપનદાતાઓ અને સહયોગીઓને દિપાવલી પર્વની હાર્દિક શુભકામનાઓ..**

## આર્યસમાજ, પોરબંદર દ્વારા ‘ઘર ઘર યજ્ઞ - હર ઘર યજ્ઞ’ના નારા સાથે યજ્ઞનો પ્રચાર કરાયો



પોરબંદર

આર્યસમાજ, પોરબંદર દ્વારા ‘ઘર ઘર યજ્ઞ - હર ઘર યજ્ઞ’ના નારા સાથે વૈદિક યજ્ઞના માધ્યમથી વેદનો પ્રચાર પ્રસાર કરવાનું ભગીરથ કાર્ય પ્રારંભ કરવામાં આવ્યું છે. આર્યસમાજનાં મંત્રી શ્રી ધનજીભાઈ આર્યના માર્ગદર્શનમાં આ કાર્યક્રમ અંતર્ગત પંડિત કમલેશકુમાર શાસ્ત્રી અને પંડિત નિતીનકુમાર શાસ્ત્રી દ્વારા ઘરનાં પ્રાંગણમાં ખુલ્લા વાતાવરણમાં યજ્ઞ કરાવવામાં આવે છે.

યજ્ઞ બાદ ભજન, યજ્ઞનો મહિમા અને વૈદિક સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં યજ્ઞપ્રેમી વ્યક્તિઓને ઈશ્વરીય વાણી વેદ સાથે જોડવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. યજ્ઞમાં શ્રદ્ધા રાખવાવાળો વર્ગ બહુ મોટો છે. યજ્ઞ અને વૈદિક સત્સંગનાં માધ્યમથી વૈદિક પરિવારોનું નિર્માણ કાર્ય શક્ય છે. આ માટે પોરબંદર આર્યસમાજ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયત્નો ખરેખર પ્રસંશનીય અને અનુકરણીય છે.

# ક્ષમા આધ્યાત્મિક વ્યક્તિનું ઘણું મોટું આભૂષણ છે

**ભૂમિકા : ક્ષમા તેને કહીએ છીએ-જેથી અન્ય વ્યક્તિની અસાવધાની, ભૂલો અથવા અપરાધ આદિનો પ્રતિકાર ન કરવો, પ્રતિઘાત ન કરવો અથવા વેર ન રાખવું, તેના કાર્યને ભૂલી જવું અને તેને દંડ ન દઈ તેના અપરાધને માફ કરવો.**

**જે ક્ષમાહીન, ભૂલે નહિં તેવો હોય છે, જે બીજાની ભૂલોને જતી કરી સહન ન કરે, જે જેવા સાથે તેવાના સિદ્ધાંતનો ઉપયોગ કરી બદલાની આગમાં જલીને બદલો લઈ બીજાનો હિસાબ બરાબર કરે છે તે નિકૃષ્ટ કહેવાય. આચાર્યજી ક્ષમાની પ્રશંસા કરી રહ્યાં છે. -**

**(૩૭) ક્ષમા સમસ્યાનો એક ઉપાય છે.**

ધૈર્યવાન વ્યક્તિ જ ક્ષમાના ગુણને ધારણ કરે છે. ક્ષમા એક અલગ ભાવ છે અને ધૈર્ય એક અલગ ભાવ છે. ક્ષમા કરવી એ પણ સમસ્યાનું એક ઘણું મોટું સમાધાન છે. પરંતુ જે વ્યક્તિ ધૈર્યવાન નથી હોતી, તે ક્ષમાશીલ પણ નથી હોતી. ધૈર્ય અને ક્ષમાનો અવિનાભાવ (એકબીજા વિના રહી કે હોઈ ન શકે તેવો ભાવ) અનિવાર્ય સંબંધ હોય છે. ક્ષમાશીલ જ નિર્વૈર્યની ભાવના રાખનારી વ્યક્તિ હોય છે. તે પ્રતિકારને, આક્ષેપને, હાનિને, નિંદા-ચુગલીને અને સમસ્યાને ગળી જાય છે. આ કારણથી નીતિકારો દ્વારા ક્ષમાને આધ્યાત્મિક વ્યક્તિનું ઘણું મોટું આભૂષણ બતાવવામાં આવ્યું છે.

**(૩૮) આધ્યાત્મિક મનષ્ય ઘણો મોટો ક્ષમાશીલ હોય છે.**

આધ્યાત્મિક મનુષ્ય મહાક્ષમાશીલ હોય છે. તે પોતાની ઉપર કરવામાં આવેલાં અત્યંત અપકારો, હાનિઓ અને આરોટોને પણ ઘણી મોટી સીમા સુધી સહન કરી લે છે. દુનિયામાં જેટલા પણ મહાપુરૂષ થયા છે, તેઓમાં કોઈપણ એવા નથી હોતા જેમાં ક્ષમાગુણ ન હોય. આધ્યાત્મિક દષ્ટિકોણથી આપણે કહી રહ્યાં છીએ, કે બ્રાહ્મણોએ, યોગીઓએ, યોગાભ્યાસીઓ અને ઈશ્વરભક્તોએ તો ક્ષમાગુણનું પૂર્ણરૂપે આચરણ કરવું જોઈએ. ક્ષત્રિયોને આપણે અહીં લઈ નથી રહ્યાં. ક્ષત્રિયોની ક્ષમા થોડી નીતિઓથી, થોડા સિદ્ધાંતોથી



**સમસ્યા સમાધાન..**
**- આચાર્ય જ્ઞાનેશ્વરજી**
**અનુવાદ - વાનપ્રસ્થા જયાબહેન**

બાંધેલી હોય છે. બ્રાહ્મણ, યોગી, યોગાભ્યાસી અને ઈશ્વરભક્ત સીમા રહિત ક્ષમાની ભાવના રાખે છે.

**ભૂમિકા : ક્ષમા ક્રોધરૂપી ઝગડાની જડને ઉખાડી ક્ષમાશીલ વ્યક્તિના જીવનમાં શાંતિ લાવે છે. ક્ષમાની પ્રશંશામાં આચાર્યજી કહે છે કે -**

**(૩૯) ક્ષમાથી સમસ્યાનો અંત આવી જાય છે.**

ધૈર્યને ધારણ કરવું તે સમસ્યાનું સ્થાયી સમાધાન નથી, અસ્થાયી સમાધાન છે. પરંતુ ક્ષમા કરી દેવી તે અંતિમ નિર્ણય લાવે છે કે આગળ કાંઈ કરવાનું નથી. ધૈર્ય ધારણ કરનાર વ્યક્તિ ઘટનાને નથી ભૂલતી. તે

**ક્ષમાનો સંબંધ સહનશીલતા સાથે છે. જે મનુષ્યમાં જેટલી સહનશીલતા હોય છે તે તેટલો જ ક્ષમાવાન હોય છે.**

પોતાની સ્મૃતિ-કોષની અંદર તેને જાળવી રાખે છે અને તેની આગળ ઉપર પરીક્ષણ કરે છે કે જોઉં છું કે, એવી પરિસ્થિતિમાં બીજું શું કરશે? ક્યારે કરશે? કેટલું કરશે? કેવી રીતે કરશે? આ પ્રકારનું પરીક્ષણ ચાલતું રહે છે. પરંતુ જ્યારે ક્ષમા સામે આવી જાય તો સમસ્યાનું સમાધાન થઈ જાય છે. ત્યાં ધૈર્ય રહેતું નથી. ધૈર્ય સમાપ્ત થઈ જાય છે અને ક્ષમા કરી દે છે. જો ક્ષમાનો ગુણ આપણી પાસે હોય તો આપણે આપણી કેટલીય સમસ્યાઓનું સમાધાન કાઢી શકીએ છીએ.

**(૪૦) વિવેક એ સહનશક્તિની અને સહનશક્તિ એ ક્ષમાની જનેતા છે.**

ક્ષમાનો સંબંધ સહનશીલતા સાથે છે. જે મનુષ્યમાં જેટલી સહનશીલતા હોય છે તે તેટલો જ ક્ષમાવાન હોય છે. સહનશીલતાનો સંબંધ જ્ઞાન-વિજ્ઞાનથી છે. જેને વિવેક અને બુદ્ધિમત્તા કહેવામાં આવે છે. જે વ્યક્તિ જેટલી અધિક બુદ્ધિમાન, વિવેકી અને જ્ઞાની હશે, તે તેટલી માત્રામાં સહનશીલ હશે. જેટલી માત્રામાં વ્યક્તિ સહનશીલ હશે, તેટલી માત્રામાં તે ક્ષમા કરી શકશે. તે બંને સાથે તારતમ્ય જોડેલાં હોય છે. તેને કારણકાર્ય ભાવ પણ કહી શકીએ છીએ. **(ક્રમશઃ)**

# ઋષિ પરંપરાના ઉદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતી

કોઈપણ મહાન વ્યક્તિનું મૂલ્યાંકન ત્રણ વાતોથી થાય છે. (૧) વિચાર (૨) કાર્ય અને (૩) સાહિત્ય. વિચારના સંદર્ભમાં આપણે દષ્ટિપાત કરીએ તો મધ્યકાલિન મહાન વિચારકોમાં મહર્ષિ દયાનંદનું નામ સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. ઋષિ દયાનંદે વિચારનો મુખ્ય આધાર સાર્વભૌમિક તથા સાર્વદેશિક સ્વતઃ પ્રમાણ વેદને બનાવેલ છે. તેમણે બ્રહ્માથી લઈ જૈમિની ઋષિ પર્યન્તના વિચારોને પોતાના વિચારો બનાવ્યા. તત્કાલિન સામાજીક કુરીતિઓ, કુપ્રથાઓ, ધાર્મિક પાખંડો, મૂર્તિપૂજા આદિને વેદવિરુદ્ધ પ્રમાણિત કરી જે સત્ય - અકાટ્ય -યુક્તિયુક્ત વેદનો પ્રભાવક વિચાર આપ્યો. આ તેજસ્વી વિચારો સામે કોઈપણ ઢોંગી - પાખંડી - સ્વાર્થી લોકો ટકી ન શકયા. સ્વામીજીએ પોતાના વિચારોનો મુખ્ય સ્ત્રોત વેદોને માન્યા. વેદને છોડી અન્ય કોઈ ગ્રંથને પ્રમાણ નહી માન્યો. આ સત્યનો પ્રચાર કરવા માટે સ્વામીજીએ સમગ્ર દેશમાં પરિભ્રમણ કર્યુ. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં વેદવિરુદ્ધ પૌરાણિક પંડિતો અને તથાકથિત વિદ્વાનો તેમની સામે હાર માનતા ગયા. સ્વામીજીને ઈસાઈ અને મુસ્લીમ ધાર્મિક ગ્રંથોનું મૌલિક જ્ઞાન ખૂબ સારી રીતે હતું. આથી તેમણે પોતે એકલા જ ત્રણ ત્રણ મોરચા ઉપર એકસાથે સંઘર્ષનો પ્રારંભ કર્યો. બે મોરચા ઈસાઈ અને ઈસ્લામના હતો અને ત્રીજો મોરચો પાખંડી હિંદુ ધર્મગુરુઓ સામે હતો. આ સામે ઝઝુમવા સ્વામીજીને અનેક કષ્ટો સહન કરવા પડ્યાં. સ્વામીજી જે કંઈ વેદને આધાર બનાવી કહી રહ્યાં હતા, તેનો જવાબ ઈસાઈ, મુસ્લીમ કે તથાકથિત કટ્ટર હિંદુઓ પાસે ન હતો. સર્વત્ર વેદની સ્થાપના થવા લાગી, યજ્ઞની જવાળાઓ પ્રગટવા લાગી. આથી સમગ્ર દેશમાં નવોત્થાનનો પ્રકાશ પ્રસરાવા લાગ્યો. અનેક સમજદાર લોકો મનમાંને મનમાં અનુભવ કરવા લાગ્યા કે વાસ્તવમાં પૌરાણિક પૌગાપંથીઓમાં કોઈ સાર નથી,

**મહર્ષિ દયાનંદે તત્કાલીન સમાજમાં વ્યાપ્ત કુરીતિઓ, રુઢિઓ, કુપ્રથાઓ સામે નિર્ભય બની આક્રમણ કર્યું તેથી તેઓ એક સંન્યાસી યોદ્ધા તરીકે ઓળખાયા.**

કોઈ દમ નથી. તેઓ વેદને અંતિમ પ્રમાણ માની અનુસરવા લાગ્યા.

મહર્ષિ દયાનંદે તત્કાલીન સમાજમાં વ્યાપ્ત કુરીતિઓ, રુઢિઓ, કુપ્રથાઓ સામે નિર્ભય બની આક્રમણ કર્યું તેથી તેઓ એક સંન્યાસી યોદ્ધા તરીકે ઓળખાયા. તેમણે જન્મજાત જાતિનો વિરોધ કરી કર્મના આધાર પર વૈદિક વર્ણવ્યવસ્થાનું નિર્ધારણ કર્યું. તેમણે સતીપ્રથા, બાળવિવાહનો વિરોધ કર્યો અને વિધવા વિવાહ તથા સ્ત્રીશિક્ષાને સમર્થન આપ્યું. તેમણે ઈશ્વર, જીવ અને પ્રકૃતિ અર્થાત ત્રૈતવાદ વેદાનુકુળ છે તે મુજબ પ્રમાણિત કર્યુ. સ્વરાજ શબ્દ પ્રકાશિત કરી તેમણે લોકોમાં રાષ્ટ્રપ્રેમ ભર્યો.

પૂ. સ્વામીજીએ આર્ષ પઠનપાઠન વિધિનું સમર્થન કર્યું તથા ગુરુકુળ પ્રણાલિ પ્રચલિત કરી. અનેક આર્ષ સાહિત્ય ગ્રંથોનું લેખન કર્યું જેમાં વ્યાકરણ (વેદાંગ પ્રકાશના ૧૪ ગ્રંથ), કર્મકાંડ સંબંધિત સંસ્કારવિધિ, પંચમહાયજ્ઞ વિધિ, સત્યાર્થપ્રકાશ, ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા, આર્યોદ્દેશ્યરત્નમાલા, આર્યાભિવિનય, ગોકરુણાનિધિ, વ્યવહારભાનુ વગેરે વિશાળ આર્ષસાહિત્યની સંરચના કરી. આર્ષગ્રંથોમાં મહર્ષિ દયાનંદનું પ્રખર વ્યક્તિત્વ રાષ્ટ્રની સામે એક મહાનાયકના રુપમાં પ્રાપ્ત થાય છે. ઋષિ પરંપરાના ઉદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતીને શત શત નમન હો.

**-પં. શૈલેન્દ્ર શાસ્ત્રી (અનુવાદઃ મહેન્દ્ર ગાંધી)**

# વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ૨૨મી તારીખથી યોગ શિબિરનો પ્રારંભ

વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન-રોજડ ખાતે આગામી ઓક્ટોબરની ૨૨ થી ૨૯ દરમ્યાન ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવનાર છે.

આ આઠ દિવસીય શિબિરમાં ભાગ લેવા માટે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ૯૦થી વધારે શિબિરાર્થીઓની નોંધણી થઈ ગઈ છે. શિબિરમાં લગભગ ૧૨૫ થી ૧૫૦ જેટલા યોગ જિજ્ઞાસુઓ ભાગ લેશે તેવી સંભાવના છે.

શિબિરમાં ક્રિયાત્મક યોગ સાધનાની સાથે સાથે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધી, સ્વસ્વામી સંબંધ, વિવેક-વૈરાગ્ય-અભ્યાસ, જપવિધિ, ઈશ્વર સમર્પણ જેવા સૂક્ષ્મ આધ્યાત્મિક વિષયોની જાણકારી પણ આપવામાં આવનાર છે.

આજે જ્યારે માનવ સમુદાય અત્યંત વ્યસ્ત અને ત્રસ્ત જીવન જીવી રહ્યો છે ત્યારે માનસિક શાંતિ માટે, આધ્યાત્મિક ઉન્નતિ માટે, જીવનને સુખી, શાંત, આનંદયુક્ત રીતે જીવવા માટેના પ્રાચીન ઋષિકૃત ઉપાયો આ શિબિરમાં લોકોને જાણવા મળશે.

# બોધ કથા : આળસ મનુષ્યનો મહાન શત્રુ છે

વર્ષો પહેલાંની વાત છે. રામપુર ગામમાં ધપોરચંદ નામનો એક માણસ રહેતો હતો. તે ખૂબ જ આળસુ અને કામચોર હતો. આથી ગામના લોકો તેને કાંઈક કામ કરવાની શીખામણ આપતા, પરંતુ તેના ઉપર કોઈ અસર થતી ન હતી.

રાત-દિવસ તે વિચારતો રહેતો કે કાશ... મને દાટેલું ધન મળી જાય તો પોતાના માટે એક શાનદાર મહેલ બનાવી દઉં અને ઘણા બધા નોકરો રાખી આરામથી જીવન પસાર કરું. ધપોરચંદની પત્નિ કામીની ખૂબ દુઃખી હતી. તે બીચારી આખો દિવસ મહેનત-મજૂરી કરી બાળકો અને પતિનું પેટ ભરતી હતી. તેની પાસે એક ખેતર પણ હતું. પરંતુ મહેનતના અભાવે તે ઉજ્જડ બની ગયું હતું.

એકવાર ભીષણ દુકાળ પડ્યો. લોકો ભૂખે મરવા લાગ્યા. કામીની ખૂબ ચિંતીત હતી. કામીનીએ જે કાંઈ રકમ બચાવી હતી તે પણ પૂરી થવા આવી હતી. આ સમયે ગામમાં એક સંત આવ્યા. ગામના લોકો ખૂબ શ્રદ્ધાથી તેમના પ્રવચનો સાંભળતા હતા. એક દિવસ કામીની તે સંત પાસે ગઈ અને પોતાનું દુઃખ રજૂ કર્યું. તેની વાત સાંભળી સંત બોલ્યા 'બેટી, ધીરજ રાખ. બધું બરાબર થઈ જશે. બસ તું તારા પતિને મારી પાસે મોકલજે. તું તેને કહેજે કે સંત તને દાટેલા ધન વિશે સરનામું આપશે.'

કામીની પ્રણામ કરી ઘરે ગઈ. પોતાના પતિને સંત કહ્યાં મુજબ જણાવ્યું. ધપોરચંદ તો દોડતો જ સંત પાસે ગયો અને કહ્યું 'મહારાજ, મને જલદી દાટેલા ધન વિશે જાણકારી આપો.' સંત બોલ્યા 'બેટા, આરામથી બેસ. હું તને ધન ક્યાં છે તે બતાવું છું.'

'જલદી કહો મહારાજ, પળે પળે મારી વ્યાકુળતા વધતી જાય છે.' ધપોરચંદે કહ્યું. સંતે કાંઈક વિચાર્યું અને કહ્યું 'શું તારી પાસે ખેતર છે?' ધપોરચંદે કહ્યું હા. સંત બોલ્યા તો ચાલ તને હું ત્યાં જ જગ્યા બતાવીશ. સંત ધપોરચંદને લઈ ખેતર તરફ ચાલવા લાગ્યા. ત્યાં પહોંચી તેમણે એક સમતળ જમીન પર ખૂબ મોટું વર્તુળ દોરી કહ્યું 'જો પુત્ર, આ વર્તુળની અંદર જ તારું ધન છૂપાયેલું છે. અહીં તું ખોદવાનું શરૂ કરે અને હા એ વાતનું ધ્યાન રાખજે કે જો તેં પરિશ્રમ કરવામાં આળસ કરી તો તને કાંઈ પણ હાથ નહીં લાગે.' 'હું આપની આજ્ઞાનુસાર જ કામ કરીશ. મહેનત કરવામાં જરા પણ પાછી પાની નહીં કરું.' એમ કહી ધપોરચંદે હાથમાં પાડો લઈ ખોદવાનું શરૂ કર્યું. તેના મગજમાં બસ એક માત્ર ધન પ્રાપ્ત કરવાની ધૂન હતી. રાત-દિવસ તે જમીનને ખોદતો રહ્યો. ધીરે ધીરે તે ઉંડાણથી ખોદતો ગયો ત્યાં જ એક દિવસ ધરોપચંદે જમીન પર એક કોદાળી મારી તો અંદરથી પાણીનો ફુવારો ફુટી નીકળ્યો. ધપોરચંદ ગભરાઈ ગયો અને દોડતો સંત પાસે પહોંચી ગયો.

'મહારાજ, મહારાજ ત્યાં ધન તો ન મળ્યું પરંતુ પાણીથી તો આખું ખેતર ભરાઈ ગયું. હવે તે ધન મને ક્યારે મળશે?' 'ધીરજ રાખે બેટા, તું ધનની નજીક જ પહોંચી ગયો છે.' સંતે જવાબ આપ્યો. 'હવે તું આવતી કાલે ખેતરને ખેડી બીજ વાવી દેજે અને પછી કુવાના પાણીથી સિંચાઈ કરજે. થોડા દિવસોમાં જ છોડ થશે અને તેના ઉપર ફૂલો આવશે. ત્યારપછી તું માલામાલ થઈ જઈશ.' ધપોરચંદને યુક્તિ બતાવી ગામને છોડી સંત દૂર અન્યત્ર ચાલ્યા ગયા. ધપોરચંદને તો ધન પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા હતી જ. તેને ખેતરને ખેડી બી વાવી, સિંચાઈ કરી. બીજમાંથી ફણગા ફૂટી દિવસો દિવસ વૃદ્ધિ પામવા લાગ્યા. લહેરાતા પાકને જોઈ ધપોરચંદનું મન આનંદથી ઝુમી ઉઠ્યું. ધીરે ધીરે તેના મગજમાંથી દાટેલા ધનનું પાગલપન દૂર થઈ ગયું. તે વધુ લગનથી ખેતરની રક્ષા કરવા લાગ્યો. દુકાળ હોવા છતાં તેના ખેતરમાં સારામાં સારો પાક થયો હતો. હવે તે મહેનતનું મૂલ્ય સમજી ચુક્યો હતો.

કેટલાક દિવસો પછી ફરીથી તે સંત તે ગામમાં આવ્યા. સૌ પ્રથમ તેઓ ધપોરચંદના ખેતરમાં ગયા અને બોલ્યા 'બેટા ધપોરચંદ, મળી ગયું ને તને દાટેલું ધન?'

ધપોરચંદ સંતના ચરણોમાં પડી કહેવા લાગ્યો કે આપે તો મારી આંખ ખોલી નાંખી, હશે તો લોકો મને આળસુરામ નહીં, ચતુરસિંહ કહે છે.

શિક્ષા : આળસ મનુષ્યનો મહાન શત્રુ છે. તેથી તેને ત્યાગી સાચી લગનથી કઠોર પરિશ્રમ કરવો જોઈએ.

-મહેન્દ્ર ગાંધી

## દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ-રોજડ દ્વારા


# મહર્ષિ દયાનંદનાં અમૂલ્ય વચનોના સંગ્રહસમા પુસ્તક ચારિત્રબોધ ભાગ-૧ પ્રકાશિત કરાયો

રોજડ

દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ચારિત્રબોધ નામના પુસ્તકનો પહેલો ભાગ પ્રકાશિત કરવામાં આવ્યો છે. મહર્ષિ દયાનંદનાં ગ્રન્થો સત્યાર્થ પ્રકાશ, ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા, સંસ્કારવિધિ તથા વ્યવહારભાનુ જેવી પુસ્તકોમાં મહત્વપૂર્ણ અને પ્રેરક વાક્યોને સંકલિત કરી એક પુસ્તકનાં રૂપમાં સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ પુસ્તકમાં ઈશ્વર, યજ્ઞ, સાધના-સમાધિ, અધ્યાત્મ, ધર્મ-કર્મ, નીતિ, આચાર-વિચાર, વ્યવહાર, સેવા, સંતાન નિર્માણ, રાજધર્મ, આશ્રમ અને વર્ણ વ્યવસ્થા, શિક્ષણ વગેરેને લગતા ૩૦૦ જેટલા ઉદ્ધરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે સત્યાર્થ પ્રકાશ જેવા મોટા મોટા ગ્રન્થોને આદિથી અંત સુધી વાંચવાની હિંમત તો કોઈ કોઈ સંસ્કારી અને વિરલ વ્યક્તિઓ જ કરતા હોય છે. તો આ ગાગરમાં સાગર ભરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી સંક્ષેપમાં સ્વાધ્યાય કરીને આગળ જતાં મૂળ ગ્રન્થોને વાંચવાની રૂચિ ઉત્પન્ન થઈ શકે છે.

આર્યસમાજના ઈતિહાસમાં લાંબા સમયથી આવા પુસ્તકનો અભાવ હતો. સ્વામી ધ્રુવદેવજીનાં પરિશ્રમથી આ અભાવની પૂર્તિ થઈ છે. ઘણા વિદ્વાનોએ આ લઘુગ્રન્થનું અવલોકન કરી તેની પ્રસંશા કરી છે. વાનપ્રસ્થ સાધક આશ્રમનાં પ્રબંધક ન્યાસી અને પ્રખર વક્તા આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પણ આ લઘુગ્રન્થ માટે આશીર્વચન પાઠવ્યા છે.




આ લઘુગ્રન્થનાં સંકલનકર્તા સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક વ્યાકરણ, દર્શન અને નિરૂક્તનાં વિદ્વાન છે. તેઓ મૌન, શાંત અને ગંભીર રહીને શાસ્ત્રોનું ગહન, ઉંડાણપૂર્વક અને વિસ્તૃત અધ્યયન કરતા રહે છે. તેમના પરિશ્રમનાં સફળ સ્વરૂપે વૈદિક ધર્મીઓને આવું અમૂલ્ય પુસ્તક પ્રાપ્ત થયું છે.

# આર્યસમાજ, આણંદ ખાતે દશેરા નિમિત્તે યજ્ઞ યોજાયો






ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદની પવિત્ર યજ્ઞશાળામાં વિજયા દશમી પર્વ નિમિત્તે દર વર્ષની જેમ વૈદિકપર્વ યજ્ઞનું આયોજન સવારે ૯ થી ૧૦-૩૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. પં. વિજયકુમાર આર્ય તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીનાં સંયુક્ત બ્રહ્મત્વમાં યોજાયેલા આ યજ્ઞ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, સહમંત્રી શ્રી ચંદુભાઈ પરમાર, પુસ્તકાલયાધ્યક્ષ શ્રી રાજેન્દ્રસિંહ રાજ તેમજ અંતરંગ સભ્યો સહિત મોટી સંખ્યામાં આર્યજનોએ ઉપસ્થિત રહી સત્યને ગ્રહણ કરવાનો અને અસત્યને છોડવાનો સંકલ્પ લીધો હતો.

# કચ્છની શ્રી બી. બી. એમ. ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વૈદિક પરિવાર-માંડવી દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો

વૈદિક પરિવારની કચ્છ સ્થિત માંડવી શાખા દ્વારા વાડોકાઈ કરાટો-ડો અકેડમી, માંડવીનાં સહયોગથી બે દિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. માંડવી નજીક આવેલા બિદડા ગામે સ્થિત શ્રી બી. બી. એમ. ઉચ્ચતર માધ્યમિક શાળાનાં ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ માટે યોજાયેલા આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ સેવાઓ પ્રદાન કરી હતી. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ સહાયક વક્તા તરીકે સેવાઓ પ્રદાન કરી હતી. સમગ્ર કાર્યક્રમનાં સંયોજક તરીકે વૈદિક પરિવાર-માંડવીનાં સંયોજક શ્રી કીર્તિચંદ્ર વાડીયાએ પ્રસંશનીય કામગીરી કરી હતી.

સમાપન પ્રસંગે શાળાનાં આચાર્ય શ્રી રાજેશભાઈ સોરઠીયા, વૈદિક પરિવારનાં શ્રી કીર્તિચંદ્ર વાડીયા, વાડોકાઈ કરાટે અકેડમીનાં કોચ શ્રી જીતેશભાઈ ડોડીયા ઉપસ્થિત રહ્યાં હતા. વૈદિક પરિવાર દ્વારા શાળાની લાયબ્રેરી માટે વિદ્યાર્થી ઔર તણાવની દસ પુસ્તકો ભેટ આપવામાં આવી હતી.




**વૈદિક પરિવાર તરફથી સૌને દિપાવલીની શુભકામનાઓ**

**સૌ આર્યોને દિપાવલીની હાર્દિક શુભકામનાઓ**
**ઘનશ્યામસિંહ ચુડાસમા(ગોરાસુ)**
**પ્રમુખ, આર્યસમાજ-મોરબી**

## મહર્ષિ દયાનંદની અંતિમ કર્મભૂમિ જોધપુરનાં સ્મૃતિ ભવન ખાતે પાંચ દિવસીય કાર્યક્રમ યોજાયો

# જોધપુર ખાતે વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશ આર્ય દ્વારા ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું

જોધપુર

મહર્ષિ દયાનંદ સરસ્વતીની અંતિમ કર્મભૂમી જોધપુર ખાતે આવેલ સ્મૃતિ ભવનમાં પાંચ દિવસીય કાર્યક્રમ યોજાઈ ગયો. અત્રે એ ઉલ્લેખનીય છે કે મહર્ષિ દયાનંદ સરસ્વતીને ઝેર આપ્યાને ૧૩૪ વર્ષો થઈ ગયા. આ ભવનમાં જ સ્વામીજીને ઝેર આપવામાં આવ્યું હતું. સન ૧૯૭૨માં રાજસ્થાન સરકારે આ ભવન મહર્ષિ સ્વામી દયાનંદ સ્મૃતિ ન્યાસને આપ્યું હતું.


આ ભવનમાં જ યોજાયેલા આ પાંચ દિવસીય કાર્યક્રમમાં ગુજરાતનાં સુપ્રસિદ્ધ પ્રખર વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશ આર્ય દ્વારા ૫ દિવસો સુધી દરરોજ સવારે ૫-૩૦ થી ૬-૩૦ વૈદિક ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શ્રી ચંદ્રેશજીએ પિતૃયજ્ઞ અને તેના પ્રકારો વિશે સવિસ્તાર સમજ આપી હતી. સાથે સાથે એક વ્યાખ્યાન આત્મનિરીક્ષણ વિશે પણ રાખવામાં આવ્યું હતું. આત્મનિરીક્ષણ વિશે બોલતાં શ્રી ચંદ્રેશજીએ કહ્યું હતું કે વેદ, દર્શન વગેરે શાસ્ત્રો ભણવા જરૂરી છે, પરંતુ તેનાથી પણ પહેલાં મનની પુસ્તકને ભણવી બહુ જરૂરી છે. જે વ્યક્તિ મનની પુસ્તક ભણે છે એટલે કે નિયમિત



આત્મનિરીક્ષણ કરે છે તે આધ્યાત્મિક માર્ગમાં તીવ્ર ગતિથી આગળ વધે છે. તેના જીવનમાંથી દોષો, દુર્ગુણો, દુર્વ્યસનો વગેરેનો નાશ થાય છે અને સદગુણોનો વિકાસ થાય છે.

શ્રી ચંદ્રેશજી આર્ય ઉપરાંત આ પાંચ દિવસીય કાર્યક્રમમાં અજમેરથી આચાર્ય સત્યજિતજીએ ઈશ્વર ભક્તિ દ્વારા જીવન નિર્માણ વિષય ઉપર મનનીય અને જ્ઞાનપ્રદ વ્યાખ્યાન આપ્યા હતા. આચાર્ય સોમદેવજીએ પણ લોકોને ઈશ્વરાભિમુખ કરતું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. સાથે સાથે આર્યજગતનાં અનેક સંન્યાસીઓ અને વિદ્વાનોએ ઉપસ્થિત રહી પોતાની વાણીનો લાભ આપ્યો હતો.



PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021